# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધો.-૯ની પ્રખરતા શોધ કસોટી(ફેબ્રુઆરી-૨૦૧૯)

## આવેદનપત્રો ઓનલાઇન ભરવા માટેની સૂચનાઓ

આવેદનપત્રો ભરવાનો સમયગાળો :- તા.૨૭-૧૨-૨૦૧૮ થી તા.૧૦-૦૧-૨૦૧૯

➢ **સ્કુલ લોગ-ઇન :-**

ધોરણ-૯ પ્રખરતા શોધ કસોટી(૨૦૧૯)ના આવેદનપત્રો ઓનલાઇન ભરવા માટે શાળાએ વિદ્યાર્થીઓના ધોરણ-૧૦ના આવેદન પત્રો ભરવા માટે જે Index Number અને Passwordનો ઉપયોગ કરેલ છે તે જ Index Number અને Passwordનોઉપયોગ કરવાનો રહેશે.

(માધ્યમિક શાળાનો Index Number ૫૦.૦૦૦ થી ૮૬.૯૯૯ સુધીનો હોય છે.)

- પ્રખરતા શોધ કસોટી(ફેબ્રુઆરી-૨૦૧૯)ના આવેદનપત્રો શાળા કક્ષાએથી ફક્ત ઓનલાઇન જ ભરવાના રહેશે.
- ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો તા.૨૭-૧૨-૨૦૧૮ થી તા.૧૦-૦૧-૨૦૧૯ **રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે.**

---

- સૌ પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ **gseb.org** ઓપન કરવાની રહેશે.
- તેમાં Talent Search Test ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા **prakharata.gseb.org** પર લોગ-ઇન કરવાનું રહેશે.
- લોગ ઇન આઇડી(Index Number) અને Password અને નીચે લખેલી ટેક્ષ્ટ (Captcha) એન્ટર કરીને લોગ ઇન કરવાનું રહેશે.

  [નોંધ: શાળા દ્વારા જો Password રીસેટ કરવાનો થાય થાય તો School Registration પર ક્લિક કરી, શાળાના રજીસ્ટર્ડ મોબાઈલ એન્ટર કરીને Password રીસેટ કરવાનો રહેશે.]
- Student Registration નું ફોર્મ ઓપન થશે જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કૂલ ઇન્ડેક્ષ નંબર અને ડાબી બાજુએ શાળાનું નામ તેમજ મોબાઈલ નંબર દેખાશે.

➢ **વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન :-**

- ઓનલાઈન ફોર્મમાં શાળાને જે કેન્દ્ર નજીક પડતું હોય તે કેન્દ્ર Select કરવાનું રહેશે. (દરેક શાળાએ પોતાની શાળાના તમામ વિદ્યાર્થીઓ માટે એક જ કેન્દ્ર ભરવુ.)
- વિદ્યાર્થીની નીચે મુજબની વિગત ભરવાની રહેશે.

➢ **Student's General Information**:-

| | | |
|---|---|---|
| 1 | Surname | માધ્યમિક શાળાના જી.આર.માં નોંધાયેલ વિગત મુજબ ભરવાના રહેશે. કાળજી પૂર્વક સ્પેલિંગ ચેક કરી નામ એન્ટર કરવા. |
| 2 | Name | |
| 3 | Father's Name | |
| 4 | Medium | ઉમેદવાર જે માધ્યમની શાળામાં અભ્યાસ કરતો હોય તે જ માધ્યમ સીલેક્ટ કરવું. |
| 5 | Caste | જી.આર.ની નોંધ મુજબ ઉમેદવારની જે Caste હોય તેની કેટેગરી પર ક્લીક કરવું. |
| 6 | Gender | Male/ Female જે હોય તેના ઉપર ક્લીક કરવું. |
| 7 | G.R. No. | વિદ્યાર્થીનો જી.આર. નંબર (ઉદાહરણ: 000063) |

• દિવ્યાંગ વિદ્યાર્થી હોય તો Differently Abled? માં Yesમાં ક્લીક કરવાનું રહેશે.

• તમામ વિગતો ભર્યા બાદ Save બટન પર ક્લિક કરવાનું રહેશે.

• વિદ્યાર્થીની ફી તેની Caste અને Gender પ્રમાણે ઓટોમેટિક નક્કી થઇ જશે. જે ચકાસી લેવું.

➢ <u>વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.</u>

| | | |
|---|---|---|
| 1. | જનરલ કેટેગરીના વિદ્યાર્થી | રૂ.૧૦૦/- ફી |
| 2. | જનરલ કેટેગરીની વિદ્યાર્થિની | રૂ.૮૦/- ફી |
| 3. | SC વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.૮૦/- ફી |
| 4. | ST વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.૮૦/- ફી |
| 5. | OBC વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.૮૦/- ફી |
| 6. | દિવ્યાંગ વિદ્યાર્થી/વિદ્યાર્થિની | રૂ.૮૦/- ફી |

તમામ વિદ્યાર્થીઓની વિગત ભર્યા બાદ Payment ટેબ પર ક્લીક કરવાથી નીચે મુજબનું પેજ દેખાશે. ફી ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે ભરી શકાશે.




➢ <u>**Online payment** કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે :-</u>

• ઉપર દર્શાવ્યા પ્રમાણે Debit Card, Credit Card અને Net Banking વગેરે દ્વારા Online Payment કરી શકાશે.

• આપની અનુકુળ પદ્ધતિ મુજબ ચુકવણુ કરી શકશો. Payment કરી Payment Receipt વાળુ પેજ આવે ત્યાં સુધી રાહ જોવી. પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી Browser બંધ ન કરવું કે વેબપેજ Reload ન કરવું.

• આપની ભરવાની થતી રકમ એક કે તેથી વધુ ભાગમાં ભરી શકો છો. ફોર્મ ભરવાની અંતિમ તારીખની મર્યાદા પૂર્ણ થતા તમામ રકમ ભરી વિગત ભરી દેવાની રહેશે.

## પેમેન્ટના ચાર્જીસ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ડેબીટ કાર્ડ | રૂ.૨૦૦૦/- સુધીની રકમના ચુકવણા માટે કોઈ ટ્રાન્ઝેકશન ચાર્જ લાગશે નહિ.<br>રૂ.૨૦૦૦/- થી ઉપરની રકમના ચુકવણા માટે કુલ રકમના ૦.૯૦% + ટેક્ષ જેટલો ટ્રાન્ઝેકશન ચાર્જ લાગશે. |
| ક્રેડીટ કાર્ડ | કુલ રકમના ૧.૧૦% + ટેક્ષ જેટલો ટ્રાન્જેક્શન ચાર્જ લાગશે. |
| **Net Banking** | ટ્રાન્જેક્શન દીઠ SBI નેટ બેન્કિંગ માટે રૂ.૫ + ટેક્ષ તેમજ<br>અન્ય બેંકથી નેટ બેન્કિંગ માટે રૂ.૮ + ટેક્ષ ચાર્જ લાગશે. |
| કેશ<br>**(SBI Branch Payment)** | ટ્રાન્ઝેક્શન દીઠ રૂ.૬૦ (GST સાથે) ચાર્જ લાગશે. |

- ઉપરના તમામ ટ્રાન્જેક્શન ચાર્જીસ પર (ટેક્ષ) GST (જે હાલ ૧૮% છે તે) લાગશે.
- ઉદાહરણ તરીકે જો આપ SBIના Net Banking થી રૂ.૫,૦૦૦/- payment કરો છો. તો રૂ.૫,૦૦૦/- + રૂ.૫/- (Transaction Charge) + રૂ.૦.૯૦ (રૂ.૫/- ના ૧૮%) Tax એમ કુલ રૂ.૫,૦૦૫.૯૦ (રૂ.પાંચ હજાર પાંચ અને નેવું પૈસા) ચાર્જ લાગશે.

- **<u>Offline payment</u>** <u>કરવા માટે નીચે મુજબની પ્રક્રિયા કરવાની રહેશે :-</u>
- ઉપર દર્શાવેલ ઈમેજમાં દર્શાવ્યા મુજબ **<u>SBI Branch Payment</u>** પર ક્લિક કરી શાળાનું નામ, મોબાઈલ નં. અને ઈમેઈલની વિગતો ભરી Pay Now પર ક્લિક કરવાથી Offline Payment કરવા માટેનું ચલણ (કેશ મેમો) સ્લીપ જનરેટ થશે. (કેશ મેમોની રકમ આપે ચુકવવાની થતી રકમ સાથે ચકાસી લેવી.)
- આ સ્લીપ SBI (સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા)ની કોઈ પણ બ્રાંચ પરથી ભરી શકાશે.
- SBI દ્વારા ચલણ ભરવાનો ચલણદીઠ રૂ.૬૦ (GST સાથે) ચાર્જ દ્વારા લેવામાં આવશે.
- SBI માં એક થી વધુ વાર ચલણ ભરી શકાશે.
- ચલણ જનરેટ કર્યાની તારીખના ૭ દિવસમાં ભરી દેવાનું રહેશે.
  (જો ૭ દિવસમાં ચલણ ન ભરી શકાયું હોય તો ફરીથી નવું ચલણ જનરેટ કરવાનું રહેશે.

[નોંધ: તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયા બાદ એક સાથે પેમેન્ટ કરવું.]
[નોંધ: પેમેન્ટ કર્યાના ૩ દિવસ બાદ પેમેન્ટની વિગત 'Payment Report'માં ચકાસી લેવી.]

સહી/-
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર